R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-27 • ISSUE: 24 DATE: 16-06-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે/હા ( ) -ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

# પરમાણુ નિઃશસ્ત્રીકરણ માટે સદીનો ઐતિહાસિક કરાર કરતાં અમેરિકાઅને ઉ.કોરીયા : વોર ગેમ્સ બંધ કરવા સહમત



ઉત્તર કોરિયા પરમાણુ શસ્ત્રોનો ત્યાગ અને મિસાઇલ લોન્ચીંગ સાઇટનો અંત લાવવા તૈયાર.

બદલામાં અમેરિકા ઉત્તાર કોરીયાને સંપુર્ણ સુરક્ષા આપશે.દક્ષિણ કોરીયા સાથેની વોર ગેમ્સ બંધ કરવા સહમત



અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચે છેલ્લા ૬૫ વર્ષોથી ચાલી રહેલા અબોલાનો અંત લાવતી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરીયાના સુપ્રીમ કમાન્ડર કિમ જોંગ ઉન વચ્ચે સિંગાપુર ખાતે સેન્તોસા રિસોર્ટ આઈલેન્ડ પર એક બેઠક યોજાઈ હતી.બંને નેતાઓએ એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.જેમાં બંને નેતાઓએ કોરિયન મહાદ્વીપના સંપુર્ણ પરમાણુ નિઃશસ્ત્રીકરણ માટે સમજુતી કરી હતી

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કિમ વચ્ચેની ૯૧ મીનીટ લાંબી મુલાકાત ઉત્તર કોરીયાના શાસક કિમ જોંગ ઉન પરમાણુ સિઃશસ્ત્રીકરણ અને મિસાઈલ ટેસ્ટીંગ સાઈટોના અંત માટે સમત થયા હતા.બીજી તરફ અમેરિકા ઉત્તર કોરીયાને સુરક્ષા આપવા અને દક્ષીણ કોરીયા સાથેની વોર ગેમ્સ બંધ કરવા સહમત થયા હતા. જો કે અમેરીકા સૈનીકો હાલમાં કોરીયન મહાદ્રીપમાંથી પરત ખેચાશે નહીં.ઉત્તર કોરીયા સંપુર્ણ પરમાણું નિઃ શસ્ત્રીકરણ ન કરે ત્યાં સુધી તેના પર મુકાયેલા આર્થિક પ્રતિબંધ ચાલુ રહેશે.

ઉત્તર કોરીયાના સંપુર્ણ પરમાણું નિઃશસ્ત્રીકરણની ચકાસણી માટે એક ટીમની રચના કરાશે જેમાં અમેરિકા અને આંતરરાષ્ટ્રીય અધિકારીઓનો સમાવેશ કરાશે.કરારમાં બંનો નેતાઓએ જણાવ્યુ હતું કે કોરીયન મહાદ્રીપમાં શાંતિની સ્થાપના માટે અમે સંયુકત રીતો પ્રયાસ કરીશું.ઐતિહાસિક દસ્તાવેજમાંબંને દેશ યુધ્ધમાં લાપતા બનેલા લોકો અનોયુધ્ધ કેદીઓના અવશેષો




પુનઃપ્રાપ્ત કરવા માટે સંમત થયા હતા.

પત્રકાર પરિષદને સંબોધન કરતાં ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યુ હતું કે નવા ભવિષ્ય તરફ પહેલુ ંપગલું ભરવા માટે હું કિમનો આભાર માનું છું.અમે અમારા દેશના ઈતિહાસમાં નવું પ્રકરણ લખવા તૈયાર છીએ. ઈતિહાસે સાબિત કરી દીધું છે કે ગમે તેવા કટ્ટર દુશ્મનો મિત્ર બની શકે છે.અમે સ્વપ્ર જોઈ રહ્યા છીએ કે તમામ કોરીયન લોકો શાંતિથી જીવે. અમે પણ વોર ગેમ્સ બંધ કરવા સંમત થયા છીએ.અમારી આંખો ખુલી ગઈ છે. ટ્રમ્પે જણાવ્યુ હતું કે મે કિમને વ્હાઈટ હાઉસની મુલાકાતનું આમંત્રણ આપ્યું છે.હું પણ ભવિષ્યમાં પ્યોગયાંગની મુલાકાત લઈશ.મને વિશ્વાસ છે કે કિમ પરમાણું નિઃશસ્ત્રીકરણનું વચન પાળશે.મે તેમને કહ્યું છે કે આ ટ્રસ્ટ યું.કિમને ટ્રમ્પે બિરદાવ્યા હતા.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

ઐતિહાસિક દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા પછી કિંમ જોંગ ઉને કહ્યુ છે કે અમે ભુતકાળને પાછળ છોડી દેવાનો નિર્ણય કર્યો છે. દુનિયા હવે મહત્વના બદલાવ જોવા જઈ રહી છે.ટ્રમ્પે કહ્યુ હતું કેઅમે વિશ્વની સૌથી ભયજનક સમસ્યાનો ઉકેલ લાવવા જઈ રહ્યા છીએ.અમેરિકા અને ઉત્તર કોરીયાની દોસ્તી અલગ પ્રકારની જ રહેશે.

દક્ષિણ કોરીયાના રાષ્ટ્રપ્રમુખ મુન જાએ ઈને જણાવ્યુ હતું કે રાતે મને જરા પણ ઊંઘ આવી નહોતી.મને આશા છે કે કોરીયન મહાદ્રીપમાં સંપુર્ણ પરમાણું નિઃશસ્ત્રીકરણમાં સફળતા મળશે.

ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યુ હતું કે આ એક હકારાત્મક ધટનાક્રમ છે. કોરીયન મહાદ્રીપમાં શાંતિની સ્થાપના માટે થતા તમામ પ્રયાસોને ભારત સમર્થન આપી રહ્યો છે. અમનો આશા છે કે આ મુલાકાતમાં લેવાયેલ નિર્ણયોનો અમલ કરાશે જેથી કોરીયન મહાદ્રીપમાં શાંતિ અને સ્થિરતા આવશે.

ચીનના વિદેશ મંત્રીએ કહ્યુ હતું કે ટ્રમ્પ અને કિમે મુલાકાત કરી ઈતિહાસ રચ્યો છે. કોરીયન મહાદ્રીપમાં મુખ્ય મુદ્દો સુરક્ષા છે. અમેરિકા અને ઉત્તર કોરીયા આ મુદ્દા પર મંત્રણા કરવા ટેબલ પર બેઠા તે મહત્વનું છે.સંપુર્ણ પરમાણું નિઃશસ્ત્રીકરણ જરુરી છે.

રશિયાના વિદેશમંત્રીએ ટ્રમ્પ અને કિમ વચ્ચેની મુલાકાતને હકારાત્મક પગલું ગણાવ્યુ હતુંત.તેમણે જણાવ્યુ હતું કે અમે હજુ દસ્તાવેજો જોયા નથી. હજું તે પ્રસિધ્ધ કર્યા નથી. પરંતુ આ મુલાકાત એક હકારાત્મક પગલું છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની પરમાણુ વોચડોગ સંસ્થા આઈએઈએ જણાવ્યુ હતુંકે અને ઉત્તર કોરીયામાં કોઈપણ પ્રકારની ચકાસણીની પ્રવૃત્તિ માટે તૈયાર છીએ. અમે મુલાકાતના પરિણામોના અમલ માટે તૈયાર છીએ.

જો કે કરારમાં નક્કી કરાયેલા લક્ષાંકો કેવી રીતે સિધ્ધ કરાશે તેનો કોઈ ઉલ્લેખ કરાયો નથી.

પરમાણું નિઃશસ્ત્રીકરણ માટેની મંત્રણા પ્રકીયા કેવી રીતે કરાશે તેનો કોઈ ઉલ્લેખ નથી.

દસ્તાવેજમાં ઉત્તર કોરીયા પરના આર્થિક પ્રતિબંધો અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

જો કે મંત્રણાના ટેબલ ઉપરે બેઉ રાષ્ટ્રોનું મળવું એ એક શાંતિ પ્રક્રિયા સ્થાપવાનું સારુ પગલું છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરીયાના તાનાશાહ કિમ જોંગ ઉન વચ્ચે સિંગાપોરમાં યોજાયેલી ૯૦ મીનીટની ઐતિહાસિક મુલાકાતથી વિશ્વ પર તોળાઈ રહેલો ત્રીજા વિશ્વયુધ્ધનો ખતરો હાલ પુરતો તો ટળી ગયો છે.બંને નેતાઓએ૫૦ અને ૪૧ મીનીટની બે મુલાકાત કરી હતી.

સિંગાપુરના કૈપેલા રિસોર્ટમાં સવારથી ચહલપહલ શરુ થઈ હતી.નિયત સમય પ્રમાણે બંને નેતાઓના કાફલા રિસોર્ટ ખાતે પહોચી ગયા હતા.પહેલા ઉત્તર કોરીયાના સુપ્રીમ કમાન્ડર બાદમાં અમેરીકી પ્રમુખ ટ્રમ્પ પહોચ્યા હતા.બંનેએ રેડકાર્પેટ પર ઉમંગથી એકબીજાને આવકાર્યા હતા.બે મહિના પહેલા કોઈએ આ તસવીરની કલ્પના કરી નહીં હોય,પરંતુ વિશ્વના ઈતિહાસમાં આ તસવીર યાદગાર બની રહી.

હસ્તધુનનન બાદ ટ્રમ્પ અને કિમ રિસોર્ટના ગલિયારાઓમાં ટહેલતા મીડીયા સેન્ટર પહોચ્યા હતા.અને દુનિયાભરના મીડીયા સામે પોતાના મંતવ્યો રજુ કર્યા હતા.૧૫ મીનીટની આ ઔપચારિક મુલાકાતમાં બંને નેતાઓએ બે વાર હાથ મિલાવ્યા હતા.વિશ્વાસ થઈ નહોતો રહ્યો કે બે મહિના પહેલા એકબીજાને પરમાણું બોંબથી નેસ્તોનાબુદ કરવાના પડકાર ફેંકનાર બે નેતાઓ આજે મિત્ર બની રહ્યા હતા.

મીડીયા સેન્ટરની મુલાકાત બાદ બંને નેતાઓ વચ્ચે બંધ ઓરડામાં ૫૦ મીનીટની મુલાકાત થઈ હતી.અને આ નેતાઓ બીજી વાર મળ્યા તે મુલાકાત ૪૧ મીનીટ ચાલી હતી.દે દરમિયાન સંયુક્ત નિવેદન પર સમજુતી સધાઈ હતી.આ મુલાકાત બાદ બંને નેતાઓએ મીડીયા સમક્ષ એક સંયુક્ત નિવેદન જારી કર્યું હતું.

સિંગાપુરના સેન્ટોસા ટાપુ પર આવેલી કપેલા હોટેલમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને કિમ જોંગ ઉને તેમના પ્રતિનિધિ મંડળની સાથે ભોજનનો આનંદ માંણ્યો હતો.વિવિધ પ્રકારની વાનગીઓનો સ્વાદ આ બધાએ માણ્યો હતો.

ખેર,આ મુલાકાતથી વિશ્વભરમાં વિશ્વયુધ્ધની એક ભયંકર બીક ઉભી થઈ હતી તેનો અંત આવ્યો છે.હવે હાકલા પડકારા થવાના નથી. અમેરિકા કે ઉત્તર કોરીયા એકબીજાને પાડી નાંખવા પ્રયત્ન નહીં કરે એ સ્પષ્ટ થયું છે.સંધિ જે કાંઈ થઈ હોય પરંતુ બેઉ દેશોની જનતાને શાંતિનો આભાસ થશે. ખાસ કરીને ઉત્તર કોરીયાની જનતાને હવે શાંતિ તો થશે જ સાથે સાથે તેમના વિકાસની ક્ષિતિજો ખુલશે એવો એક વિશ્વાસ ઉભો થયો છે. બે કોરીયા વચ્ચે જે દુશ્મનાવટ હતી તેનો પણ અંત આવશે અને બેઉ દેશોના નાગરિકો એકબીજા સાથે ફરીથી સારા સબંધો વિકસાવી શકશે.અનેક સારા પરિણામોનો એક નવો યુંગ શરુ થયો છે. આપણે સહું આશા રાખીએ કે જે ઐતિહાસિક કરાર થયા છે તેણે વિશ્વની કુટનીતિનો તખ્તો પલ્ટી નાંખ્યો છે.

ઉત્તર કોરીયા ભારત માટે ઉભરતું બજાર પુરવાર થઈ શકે છે.ભારતના નિકાસ કરતા ઉદ્યોગો માટે તે લાભદાયી પુરવાર થઈ શકે છે.બે નેતાઓની મુલાકાતનો તમામ ખર્ચો સિંગાપુરની સરકારે ઉઠાવ્યો હતો.આ બે નેતાઓની મુલાકાત સરળ બનાવવા માટે ભારતીય મુળના બે સિંગાપુરના મંત્રીઓએ મહત્વની ભુમિકા ભજવી હતી. વિશ્વશાંતિ માટે સફળ મુલાકાતો થવી જરુરી છે. હજુ પણ વિશ્વમાં કેટલીક પરિસ્થિતિઓમાં શાંત થવી જરુરી છે. આપણે ઈચ્છીએ કે સહુ સ્થળે શાંતિ સ્થપાય.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# વીડીયોકોન ઇન્ડસ્ટ્રીઝે નાદારી અંગે મોદી,સુપ્રીમ અને બ્રાઝિલને જવાબદાર ઠેરવ્યા :નોટબંધીએ વેપાર ઠપ્પ કર્યો પરિણામે ભારે નુકશાન વેઠવું પડ્યું

દેવાના બોજ હેઠળ ડુબેલી વીડીયોકોન કંપનીએ ગ્રુપ કંપની પર થયેલા રુ.૩૯,૦૦૦કરોડના દેવા માટે વડાપ્રધાન મોદીની નીતિઓને જવાબદાર ઠેરવી હતી.કંપનીએ મોદી ઉપરાતં દેશની સુપ્રીમ કોર્ટ અને બ્રાઝિલને નાદારી માટે જવાબદાર ગણાવ્યા હતા.બ્લુમબર્ગના જણાવ્યા મુજબ કન્ઝુમર્સ એપ્લાયન્સીસ બનાવતી કંપની વીડીયોકોને તેના પર ખડકાયેલા દેવાના ઢગ માટે અને કરોડોની લોન માટે વડાપ્રધાન મોદીની નોટબંધીની જાહેરાતને મુખ્ય કારણ ગણાવ્યુ હતું.આને કારણે કંપનીને વેપાર કરવામાં ભારે મુશ્કેલી પડી હતી.

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઈ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઈ શકો છો,છતાં એમને કોઈ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઈક વળતર મળે એટલો ઉદ્દેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઈએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઈન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઈ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઈપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઈપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઈ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઈ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઈ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઈ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઈપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઈ સ્વાર્થ વિનાનું હોય એ શકય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઈ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઈ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઈ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઈ અધિકાર નથી એવું કોઈએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

# ૨૦૧૯માં પોતાની સરકાર બનશે તો ૧૦ દિવસમાં ખેડુતોના દેવા માફ કરાશે : રાહુલ ગાંધી કોગ્રેસ અધ્યક્ષ

મંદસૌર ગોળીબારકાંડની પહેલી વરસીએ રાહુલ ગાંધી ખોખરા ગામ પહોચી મોટા જનસમુદાયને સંબોધન કર્યુ હતું.તેમણે જણાવ્યુ હતું કે મોદીજીએ ખેડુતો સાથે છેતરપીંડી કરવા સિવાય બીજું કશું કર્યુ નથી.ખેડુતોને ઉપજના યોગ્ય ભાવ આપવાનું કહ્યુ હતું પણ મોદીજી તેમાં નિષ્ફળ થઇ ગયા.અમારી સરકાર આવી તો ૧૦ દિવસમાં જ ખેડુતોના દેવા માફ કરાશે.

હું અહીયા મારા મનની વાત કહેવા નહીં, તમારા મનની વાત જાણવા આવ્યો છું.ઉલ્લેખનીય છે કે મોદી સરકાર ઉપર પ્રહાર કરતાં પહેલા રાહુલ ગાંધીએ ખેડુત આંદોલનમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને મળ્યા હતા.મંદસૌર ગોળીબારકાંડની પહેલી વરસીએ રાહુલ ગાંધી મૃતકોના પરિવાજનોને મળ્યા તેમની સાથે દસ મીનીટ વાતચીત કરી હતી.મૃતક ખેડુત અભિષેક પાટીદારના પરિવારે આરોપ મુક્યો હતો કે એસડીએમ દ્વારા અમને રાહુલને ન મળવાની ધમકી આપવામાં આવી હતી.

મોદીજીએ ખેડુતો સાથે છેતરપીડીજ કરી છે.તેઓ ખેડુતોના પ્રશ્ને મૌન છે જ્યારે ઉદ્યોગપતિઓ સાથે તેઓ મોટી મોટી અને લાંબી લાંબી વાતો કરે છે.



રાહુલે કહ્યુ હતું કે મેડ ઇન ઇન્ડીયાનું સુરસુરીયું થઇ ગયું છે. હાલમાં લોકો પાસે જે વસ્તુઓ પહોચેછે તે મોટાભાગે ચાઇનાની છે.પહેલાં મોદીજી ચીનના રાષ્ટ્રપ્રમુખ સાથે અમદાવાદમાં ઝુલે ઝુલતા જોવા મળે છે.અને ભારતમાંથી વિદાય લીધા પછી ચીન પોતાના સૈનિકોને ડોકા લામાં મોકલે છે.મોદીજી કશું બોલી શકતા નથી. મોદીજીના ખિસ્સામાં જે મોબાઇલ છે તે પણ મેડ ઇન ચાઇનાનો છે. હું દરેકના ખિસ્સામાં મેડઇન મંદસૌરના મોબાઇલ જોવા માંગુ છું.આજે તો એવી સ્થિતિ આવી ગઇ છે કે ભારતના જવાનોએ તેમના યુનીફોર્મ અને શુઝ પણ મેડ એટ હોમ કરવા પડે તેમ છે. સરકારે તેના માટેનું ભંડોળ પણ આંચકી લીધું છે.

# ટ્રેનની દરેક શ્રેણીમાં સામાન લઇ જવાની મર્યાદા નક્કી કરાઇ વધુ સામાન હશે તો છ ગણો દંડ ભરવો પડશે

રેલવેમાં મુસાફરી કરનારા યાત્રીકોને હવે વિમાન યાત્રાની જેમ સામાનનું વજન કરીને મર્યાદામાં લઇ જવું પડશે. નહિતર સામાનનો છ ગણો દંડ કરવામાં આવશે.મહત્વપુર્ણ એ છે કે ટ્રેનમાં મુસાફરી કરતા દરેક શ્રેણીના પેસેન્જરો માટે સામાન લઈ જવાની મર્યાદા પણ અલગ અલગ છે.જો તમારી પાસે નિશ્ચિત મર્યાદા કરતાં વધુ સામાન હશે તો એ સારુ રહેશે કે તેને પાર્સલ વિભાગમાં મુકાવી દો અને તેના માટે તમારે સામાન્ય ચાર્જ જ ચુકવવાનો રહેશે. ઈન્ડીયન રેલ્વેના એક અધિકારીના જણાવ્યા મુજબ કંઇ શ્રેણીના મુસાફરને કેટલો સામાન મફતમાં સાથે લઈ જવાની અનુમતિ છે તેના વિશે રેલવેનો ૩૦ વર્ષ જુનો જ નિયમ છે જેનો હવે કડકપણે અમલ થશે.

જો સ્લીપર કલાસનો મુસાફર ૮૦ કીલો વજન લઇ જાય છે તો તેની પાસે ૪૦ કીલો વધુ સામાન છે એમ કહી શકાય.જો તેણે ૫૦૦ કીમીની મુસાફરી કરવાની છે તો તેના માટે ૧૦૯ રુપીયા ચાર્જ થશે પણ તે અગાઉ ચાર્જ નહી આપે તો તેને છ ગણો ચાર્જ ચુકવવાનો રહેશે.એટલે કે ૬૫૪ રુપીયા તેણે ચુકવવા પડશે.રેલવેએ નિયમોને અમલમાં મુકવા માટે તેના તમામ ઝોનોમાં પહેલી થી જ છ જુન સુધી એક ખાસ ઝુંબેશ શરુ કરી હતી. રેલવે હવે સુનિશ્ચિત કરશે કે કમ્પાર્ટમેન્ટમાં લઈ જનારા વ્યક્તિગત લગેજની લંબાઇ,પહોળાઇ અને ઉંચાઇ નિયત મર્યાદામાં હોવી જોઈએ.જેમાં ટ્રંક,સુટકેસ અને બોક્સના માપ ૧૦૦ ૬૦ ૨૫ સેન્ટીમીટરથી વધવા ન જોઈએ.જો ટ્રન્કસ,સુટકેસ અને બોક્સના માપ આનાથી વધુ હોય તો તેને બુકીંગ કરાવીને લગેજ વાનમાં મુકી દેવાના રહેશે.

જો કે રેલવેએ અલગ અલગ શ્રેણી માટે અલગ અલગ સામાન લઈ જઇ શકાય તેની વિસ્તારથી માહીતી આપી છે. એકદંરે આ એક સુચારુ વ્યવસ્થા છે. કારણકે ટ્રેનમાં એટલી બધી ગીરદીમાં પણ મુસાફરો બેફામ સામાન વહન કરીને લઇ જતા હોય છે જેથી અન્ય મુસાફરોને પણ તેનાથી તકલીફ પડતી હોય છે.કડકાઈથી અમલ કરાશે તો મુસાફરો માટે રાહત નીવડશે.

# સંઘની માનહાનિ કેસમાં રાહુલ ગાંધી સામે આરોપો ઘડાયા

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા કરવામાં આવેલા માનહાનિના કેસમાં રાહુલ ગાંધી સામે આરોપો ઘટવામાં આવ્યા હતા. બીજી તરફ રાહુલ ગાંધીએ આરોપોને નકારી કાઢયા હતા.અને પોતે ખટલા માટે તૈયાર છે તેમ ભિવંડી કોર્ટમાં જણાવ્યુ હતું. હવે રાહુલ ગાંધી પર આરોપનામું મુકી ખટલો ચલાવવામાં આવશે.આ કેસની સુનાવણી ૧૦ ઓગષ્ટે કરવામાં આવશે.આ કેસની સુનાવણી વખતે રાહુલ ગાંધી હાજર રહ્યા હતા.કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી એ ભિવંડી કોર્ટમાં સુનાવણી વખતે જતી વેળાએ કહ્યુ હતું કે અમારી લડત વડાપ્રધાનની નીતિઓ સામે છે.ખેડુતો હતાશ થઇ ગયા છે.અને વડાપ્રધાન યુવાનોને રોજગાર આપવા વિશે વાત કરતાં જ નથી.તેમણે ટોણો માર્યો હતો કે મોદીજી પોતાના ગુરુ અડવાણીજીને ભુલી ગયા છે.વાજપેયીજીની તબીયત જોવા હું પહેલા ગયો હતો.અમે તેમની સામે ચુંટણી લડ્યા હતા.પરંતુ કોગ્રેસીઓનો ધર્મ માનવતાનો હોવાનું રાહુલે ઉમેર્યુ હતું.મારા પછી વડાપ્રધાન અને ગૃહપ્રધાન બાજપેયીજીની તબીયત જોવા ગયા હતા.સાવરકરે જ્યારે માંફી માંગી અને હાથ જોડી રહ્યા હતા ત્યારે કોગ્રેસી નેતાઓ જેલમાં બંધ હતા.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર

**બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫


# બંધારણ જાણો અને તેના મુલ્યનું રક્ષણ કરો : બંધારણ ખતરામાં,લોકોમાં અસુરક્ષાની ભાવના ફેલાઇ છે : ગોવાના આર્કબિશપ

ગોવા અને દમણના આર્ક બિશપ ફાદર ફિલીપ નેરી ફેરાઓ દ્વારા ઈસાઈઓને લખેલા વાર્ષિક પત્રને કારણે તેમના નામની આસપાસ વિવાદ સર્જાયો છે.ગોવા અને દમણના આર્કબિશપે તેમના વાર્ષિક પત્રમાં લખ્યું છે કે દેશનું બંધારણ ખતરામાં છે.લોકોમાં અસુરક્ષાની ભાવના ફેલાઈ રહી છે.આર્ક બિશપ ફિલિપ નેરી ફેરાઓએ કહ્યુ હતું કે લોકોએ બંધારણ અને તેના મુલ્યોને જાણવા જોઇએ.લોકોને ધર્મનિરપેક્ષતાની અને બોલવાની સ્વતંત્રતા મળવી જોઇએ અને ધર્મની આઝાદી જેવા મુલ્યોને લોકોએ બચાવવા જોઇએ.

હજી ૧૫ દિવસ પહેલાં જ દિલ્હીના આર્ક બિશપ અનિલ કાઉટોએ ભારતમાં ધર્મનિરપેક્ષતા ખતરામાં છે એવું નિવેદન કર્યુ હતું.ત્યાં આ બીજા આર્ક બિશપે સરકારની ધાર્મિક નીતિઓ અને બંધારણની કરવામાં આવતી અવગણના સામે સવાલો ઉઠાવ્યા છે.આર્કબિશપે કેથોલીક ખ્રિસ્તીઓને રાજકારણમાં સક્રિય ભુમિકા નિભાવવા અપીલ કરી હતી.૨૦૧૪ની સામાન્ય ચુંટણીઓ પહેલાં ગુજરાતના આર્કબિશપે પણ ભાજપને ચુંટણીમાં હરાવવાની અપીલ કરી હતી.

આર્કબિશપે પત્રમાં લખ્યું હતું કે ચુંટણીઓ નજીક આવી રહી છે. ત્યારે આપણે બંધારણને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. છેલ્લા કેટલાક સમયથી દેશમાં આપણે શું ખાવું જોઇએ,કેવા કપડાં પહેરવા જોઇએ, કેવી રીતે રહેવું જોઇએ અને કેવી રીતે પુજા કરવી જોઇએ તે બધું નક્કી કરવામાં આવી રહ્યું છે આને કારણે માનવ અધિકાર ખતરામાં છે અને લોકશાહી પર સંકટ સર્જાયું છે.

પત્રમાં લખાયું છે કે લઘુમતી વર્ગના લોકો તેમની સુરક્ષા અંગે ડરી રહ્યા છે.વિકાસને નામે ગરીબોના અધિકારો કચડવામાં આવી રહ્યા છે.લોકોના ઘર અને જમીનો પચાવી પાડવામાં આવી રહ્યા છે.વિકાસનો પહેલો શિકાર ગરીબો થઇ રહ્યા છે.તેમના અધિકારોને કચડવાનું સરકાર માટે ઘણું આસાન છે કારણ કે તેમના વતી અવાજ ઉઠાવનારા ઘણા ઓછા છે.

ગોવા આર્કબિશપના સેક્રેટરીએ આ નિવેદનોનો સંદર્ભમાં કહ્યુ હતું કે આર્કબિશપ દ્વારા દર વર્ષે પત્ર પ્રસિધ્ધ કરાય છે પણ આ વખતે એક યા બીજા કારણોસર અમારા એક બે નિવેદનોને મુદ્દા બનાવીને વિવાદ સર્જવામાં આવી રહ્યો છે.આર્કબિશપનો પત્ર વાંચીને લોકોએ તેઓ શું કહેવા માંગે છે તે સમજવાની જરુર છે.નાહકનો વિવાદ સર્જવાની જરુર નથી.

દિલ્હીના આર્કબિશપ અનિલ કાઉટોએ એક મહિના પહેલા પાદરીઓ માટે પત્ર લખ્યો હતો. જેમાં દેશના રાજકારણને અશાંત ગણાવ્યુ હતું. દેશમાં લોકશાહીના સિધ્ધાંતો અને ધર્મનિરપેક્ષતા ખતરામાં હોવાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.તેમણે દર શુક્રવારે એક કલાક વિશેષ પ્રાર્થના અને ઉપવાસ કરવા લોકોને અપીલ કરી હતી. આને કારણે દેશમાં શાંતિ,સમાનતા અને સ્વતંત્રતા જળવાશે તેવી દલીલ તેમણે કરી હતી.

## જાણવા જેવું

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

લેડી ડાયેનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ એક પત્તાના ૮ લાખ ૩૨ હજાર રૂપીયા ઉપજ્યા હતા. આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઇટ દ્વારા સાચવી રાખવામાં આવ્યુ હતું.

૧૯૯૮માં એક ફાઉન્ટેન પેનની હરાજી થઇ અને આ પેનના ૨૧ કરોડ ૮લાખ રૂપીયા ઉપજ્યા હતા. આ પેનમાં રૂબિ,સેફાયસ વિગેરે કીમતી પથ્થરો જડવામાં આવ્યા હતા અને તે એક નહી પુરા ૬૦૦.ફ્રેન્ચ કંપની રીડીન દ્વારા તે બનાવવામાં આવી હતી.આ પેનને બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો હતો.

૧૯૨૭માં આવેલી સાઈલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.

જહોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઇ શકે છે.

# અપેક્ષા રાખીએ તો દુઃખી થવું પડે ને ?

આપણા જીવનમાં ઘણાખરા પ્રશ્નો આપણે સ્વંય સર્જેલા હોય છે.દુઃખી દેખાતા માણસના દુઃખનું કારણ તપાસવાથી ત્રણ અક્ષરનો એક શબ્દ તમારા હાથમાં આવશે ,અપેક્ષા. માણસ જીંદગીભર અપેક્ષાઓ વચ્ચે જીવે છે. એક યુની.ના કુલપતિને એમના નિકટતમ મિત્રએ પુછ્યુ , યાર આજકાલ તારા ચહેરા પર વ્યગ્રતાના ભાવો કેમ વર્તાય છે ? તું દુઃખી કેમ છે ? સાહેબનો ઉત્તર સાંભળો : હવે મારી ટર્મ પુરી થવાની. બીજું સત્ર મળે તે માટે ભરપુર કોશિશ કરુ છું.બધાને ખુશ રાખું છું. સૌના ચરણસ્પર્શ કરી ચુક્યો છું. પરંતુ મારુ સમ્રાટપદ લંબાય એવા કોઈ એંધાણ વર્તાતા નથી.અમેરિકાનો પ્રેસિડેન્ટ પોતાની ટર્મ પુરી થાય એટલે ફરીથી યુની.માં પ્રોફેસર બની જશે. ભારતના કુલપતિને રજવાડું છોડ્યા પથી પોતાની કોલેજમાં પ્રોફેસર તરીકે પુન : જોડાવવાનું મંજુર નથી. જીંદગી પોતાની રીતે વહેતી રહે છે.આપણને શુ મળશે અને શું નહી મળે એ નક્કી કરનારા પરિબળો અનેક છે.કર્મ કર્યા પછી ફળની અપેક્ષા ન રાખવાની સલાહ ભગવદ ગીતામાંથી આપણને મળેલી છે.છતાં પ્રત્યેક માણસ જાણ્યે-અજાણ્યે અપેક્ષાઓ રાખીને દુઃખી થતો રહે છે. અમેરિકામાં નુતન વર્ષની સાંજે મંદિરમાં દર્શન કર્યા પછી એક વરિષ્ઠ નાગરિકે મને જયશ્રી કૃષ્ણ કહીને પોતાની વેદના ઠાલવવાનું શરુ કર્યું.ત્રણ મહિનાના પરિચય પછી અમારી વચ્ચે થોડીક આત્મીયતા બંધાઈ હતી. એટલે મારી સમક્ષ હૈયું ખોલવામાં એમને સંકોચ નહોતો થયો.એમણે કહ્યું : સાહેબ, જમાનો બદલાઈ ગયો છે. માણસોમાં નમ્રતા,વિવેક,શિષ્ટાચાર જેવું કંઈ રહ્યું નથી.મારો દિકરો પત્ની અને બાળકો સાથે અમદાવાદમાં રહે છે.નુતનવર્ષનો પહેલો દિવસ પુરો થઈ ગયો છતાં જયશ્રીકૃષ્ણ કહેવા પુરતો કે આર્શીવાદ માંગવા માટે એનો ફોન ન આવ્યો. મે એમને એકજ વાત કરી, અપેક્ષા રાખો તો દુઃખી થવું પડેને ? એમને કે પુત્રવધુને તમારા આર્શીવાદની જરુર નથી એમ સમજીને વાતને ભુલી જાઓ.હ્રદયની ઉદારતા દાખવીને તમે સામેથી ફોન કરીને શુભેચ્છાઓ પાઠવો તો સારુ લાગશે.

અપેક્ષા ન સંતોષાવાથી દુઃખી રહેનારાઓની લાંબી યાદી છે.કોની કોની વાતો કરુ ?શાળા પ્રશાસનના કક્કો બારાખડી જેમને નથી આવડતા એવા એક મહિલા આચાર્ય શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવવા પાંચ વર્ષથી પોતાની ફાઈલ મુકતા હતા. અને અપેક્ષા ન સંતોષાવાથી દુઃખી થતા હતા. છેવટે એમના સંપર્કો કામ કરી ગયા એમનો એવોર્ડ મળી ગયો.અખબારમાં ફોટો છપાઈ ગયો. ઘર ભરાઈ જાય એટલા પુષ્પગુચ્છો ઉઘરાવી લીધા. હું ઈન્ડીયા આવ્યો પછી નુતન વર્ષ નિમિત્તે મળવા આવ્યા તો દુઃખી હતા. મે વિવેકપુર્ણ પુછી લીધું, બહેન વિષાદયોગ ચાલે છે ?શું કારણ છે ? એમનો ઉત્તર સાંભળો : મે રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મુકવા માટે ફાઈલ મુકી હતી. લાગવગથી એ એવોર્ડ બીજાને મળી ગયો.... આપણને દુઃખ તો થાય ને..સાહેબ. એક કૌભાંડીશાસ્ત્રી બી.એડ. સ્વનિર્ભર કોલેજના લાચાર, પુરતો પગાર ન મળવાથી ભુખે મરી રહેલા આચાર્યને કહેતા સંભળાયા : આ વર્ષે પણ તમે મને કોલેજમાં વ્યાખ્યાન આપવા ન બોલાવ્યો. હું ખુબ દુઃખી છું અને તમારાથી નારાજ છું.

અપક્ષા રાખનાર માણસોએ ઈતિહાસમાંથી બોધ ગ્રહણ કરવાની જરુર છે.મશહુર ફિલ્મ કલાકારો રાજેશ ખન્ના અને દેવાનંદ એક જ કારણથી દુઃખી રહેતા અને એમના અંતિમ વર્ષો ખુબ પીડાજનક રહ્યા.એમની અપેક્ષા શી હતી ? અમારો સુર્ય મધ્યાહ્નને તપતો હતો ત્યારે સિનેરસીકો અમારી પાછળ પાગલ હતા.અમે ઉડત પક્ષીઓને અમારી નજરના એક ઈશારે અમારા ચરણોમાં હાજર કરી દેતા હતા.ક્યાં વહી ગયા એ દિવસો ? વિતેલા વર્ષોને ફરીથી જીવવાની એમની અપેક્ષાઓએ એમને શાંતિથી મરવા યે ન દીધા.

માણસ જ્યારે અપેક્ષાઓ રચે છે ત્યારે જીવનમાં દંભ પ્રવેશે છે.અપેક્ષા સંતોષાય તે માટેના પેતરા રચાય છે.નોકરી મેળવવા માટે, બઢતી પામવા માટે,રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ આવવા માટે,યુની. પરિક્ષામાં ગોલ્ડ મેડલ મેળવવા માટે, કે ડોકટરેટ ડીગ્રી ધારણ કરવા માટે માણસ બધું જ સર્મપિત કરવા તૈયાર થઈ જાય છે.આખેઆખો માણસ જીવતો વેચાઈ જાય છે.કારણકે અપેક્ષાઓને સંતોષવાની છે. એક પ્રોફેસર યુની.માંથી નિવૃતથયા તેના ત્રણ વર્ષ પુર્વે એક અપેક્ષા રચીને બેઠા હતા. કોઈ લેભાગુ સંસ્થામાં નિયામક બનીને બેસી જવું.પછી તો સ્વનિર્ભર સંસ્થાના માલિકની કદમબોશી શરુ થઈ.સાહેબ, આપ તો વિદ્યા જગતના ભગવાન છો. દેવતા છો.પુણ્યશાળી જીંદગી બનાવી રહ્યા છો.અધ્યાપકોના અન્નદાતા છો(પંદર હજાર આપીને પીસ્તાલીસ હજાર પર સહી લેનારા તો અન્નદાતા જ કહેવાય ને )સર, આ નાચીઝ બંદાનું પણ ધ્યાન રાખજો.અમારા પર રહેમનજર રાખજો.પ્રભુ, પ્રિય વાચકમિત્રો, સહેજ પણ અતિશયોક્તિ વગરની આ સત્ય ઘટનાઓ છે.જ્યારે આપણી અપેક્ષાઓ આપણી યોગ્યતા સાથે, આપણી પાત્રતા સાથે સુસંગત ન હોય ત્યારે અપેક્ષા પુર્ણ કરવા જાતને વેચી દેવી પડે છે.પરિણામ, અપેક્ષા સંતોષાય પછી પણ કાયમ દુઃખી રહેવાનું. અપેક્ષાઓ રચવાનો અર્થ જ એ છે કે તેને પુર્ણ કરનાર વ્યક્તિની શરણાગતિ સ્વીકારવી, તેમને તાબે થવું અને તેમને ખુશ રાખવા.ફિલ્મમાં રોલ મેળવવાની અપેક્ષા, ધારાસભા કે સંસદની ટીકીટ મેળવવાની અપેક્ષા, વડાપ્રધાન બનાવાની અપેક્ષા, આ બધી અપેક્ષાઓ માણસને કેટલી હદે સમાધાનો કરવા મજબુર કરે છે.આપણા સૌના અનુભવનો અને અવલોકનનો વિષય છે.

અપેક્ષાઓ રચીને દુઃખી થવાથી બચવાનો એક જ ઉપાય છે . જે પ્રાપ્ત કરવાની અને જેને પ્રાપ્ત કરવાની આપણાંમાં કાબેલિયત છે એ પ્રાપ્ત થાય તે માટે ઈમાનદારી પુર્વક પુરી નિષ્ઠાથી પ્રયત્નો કરવા. દંભ આચરીને કે કુપાત્રોની ખુશામદ કરીને કંઈ જ મેળવવાની અપેક્ષા ન રાખવી. જો અપેક્ષાઓ આપણી ક્ષમતાઓને સુસંગત હશે તો આપમેળે ફળિભુત થશે. આપણે તેને સેવવાની જરુર નથી.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)

જાન્યુઆરી ૨૦૦૯માં વિવિડ પિન્ક તરીકે ઓળખાતા ગુલાબી રંગના હીરાની હરાજી કરવામાં આવી હતી.આ હીરાની આસપાસ બે સફેદ હીરા જડવામાં આવ્યા હતા. અને ૪૩.૬ કરોડ રુપીયામાં તે વેચાયો હતો.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# આર્થિક મોરચે કેનદ્ર સરકારની પોલ ખુલી :મોદી રાજમાં આર્થિક સ્થિતિ કંગાળ બની : રીઝર્વબેન્ક ઓફ ઇન્ડીયાનો સરવે

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા હાથ ધરવામાં આવેલા એક સરવેએ આર્થિક મોરચે કેન્દ્રની મોદી સરકારની પોલ ખુલ્લી પાડી છે.સરવે અનુસાર અચ્છે દિનના ચુંટણી નારા સાથે સત્તા પર આવેલી મોદી સરકારે લોકોને અત્યંત નિરાશ કર્યા છે.મોદી સરકારની આર્થિક નીતિઓ પરત્વે લોકોની નિરાશા દિન પ્રતિદિન વધી રહી છે.આરબીઆઈ દ્વારા મે -૨૦૧૮માં કરવામાં આવેલા કન્ઝુમર કોન્ફિડન્સ સરવેમાં જણાવ્યાનુસાર,નરેન્દ્ર મોદી જ્યારે વડાપ્રધાન બન્યા હતા તે વખત કરતાં આજના સમયે લોકો મોદી સરકારની આર્થિક નીતીઓથી નિરાશ થયા છે.સરવે અનુસાર ૪૮ ટકા લોકો એવું માને છે કે એક વર્ષની અંદર દેશની આર્થિક હાલત અત્યંત ખરાબ બની છે.જો કે ૩૧.૯ ટકા લોકોએ આર્થિક સ્થિતિમાં સુધારો થયો હોવાની વાત સ્વીકારી છે.

મોદી સરકારની આર્થિક નીતિઓ અંગે સરકારનું રેટીંગ ૧૬.૧ ટકા છે. આ આંકડા પરથી ખબર પડે છે કે ૨૦૧૪ની તુલનાએ હવે લોકો એવું માનતા થયા છે કે આર્થિક પરિસ્થિતિ પહેલાં કરતાં પણ વધારે દયનીય બની છે.

# સંસદીય સમિતિ દ્વારા પીએનબીકાંડના મામલે રિઝર્વ બેન્કના ગર્વનરની પુછપરછ

નીરવ મોદી કૌભાંડમાં અને સરકારી બેન્કોની એનપીએમાં જંગી વધારા અંગે સંસદીય સમિતિ દ્વારા આરબીઆઈના ગર્વનર ઊર્જિત પટેલની ઝાટકણી કાઢવામાં આવી હતી.સમિતિએ તીખા સવાલ કરતાં જણાવ્યુ હતું કે પીએનબી જેવા કાંડ થઈ જાય છે અને તમને તેની જાણ જ નથી. નીરવ મોદી કૌભાંડમાં બેન્કોની સુપરવીઝન સીસ્ટમ નિષ્ફળ જવા અંગે આરબીઆઈ ચીફને પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.ઊર્જિત પટેલે કહ્યુ હતું કે સરકારી બેન્કો સંપુર્ણપણે અમારા નિયમનમાં આવતી નથી.અને તેના ચેરમેન કે એમડીને દુર કરવા કે તેમની નિયુક્તિ કરવા અમારી પાસે કોઈ સત્તા નથી.આવી લાઈસન્સ આપવા કે અન્યે પગલાં લેવા આરબીઆઈ પાસે સત્તા નથી.

અમે સરકારી બેન્કો પર નિયંત્રણ માટે સરકાર પાસે વધુ સત્તાની માંગણી કરી છે. તેમ પટેલે નાણાં અંગેની સંસદીય બાબતોની સમિતિને જણાવ્યુ હતું.આરબીઆઈ મોનિટરીંગ સિસ્ટમની ગુણવત્તા સામે સવાલો ઉઠાવ્યા.આ સમિતિમાં કોગ્રેસના વિરપ્પા મોઈલી અને અન્ય પક્ષના નેતાઓ અને પુર્વ વડા પ્રધાન મનમોહનસિંહ સભ્યોમાં સામેલ છે.સમિતિએ કહયું હતું કે આરબીઆઈની દેખરેખ છતાં પીએનબીમાં રુ.૧૩,૦૦૦કરોડનું કૌભાંડ સર્જાયું જેણે બેન્ક સામે સવાલો ઉઠાવ્યા છે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.